જા.નં./મા-૭/કોવિડ-૧૯/૨૮-૨૧/૦૩-૦૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, જિ-સુરત.
તા-૦૧/૦૧/૨૦૨૨.

પ્રતિ,
આચાર્યશ્રી,
મા.અને ઉ. માધ્યમિક શાળાઓ (ગ્રામ્ય વિસ્તારની) તમામ,
જિ-સુરત.

**વિષય:-** શાળાનાં ૧૫ થી ૧૮ વર્ષની વયનાં બાળકોને કોરોનાં વેકસીનેશન કરવા બાબત.
**સંદર્ભ:** ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) સુરત મહાનગરપાલિકાનાં પત્ર ક્રમાંક નં.પી એચડી/૨૨૦/૧, તા--૨૯/૧૨/૨૦૨૧નાં પત્ર અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, હાલમાં સરકારશ્રીનાં આરોગ્ય વિભાગ દ્વારા તા-૦૩/૦૧/૨૦૨૨થી શાળાનાં ૧૫ થી ૧૮ વર્ષ સુધીનાં વય જૂથના તમામ બાળકોને વેક્સીનેશન કરવા માટેનું આયોજન થયેલ છે. જેમાં તમામ શાળાઓએ આ વય જૂથ ધરાવતાં વિધાર્થીઓની યાદી તૈયાર કરાવી, તેમજ આરોગ્ય વિભાગની ટીમો સાથે સંકલન કરી બાળકોનાં વાલીઓને જાણ કરી રસીકરણ થાય તે દિશામાં કામગીરી સત્વરે કરવા જણાવવામાં આવે છે.

આપની શાળામાં આરોગ્ય વિભાગની ટીમોની કામગીરી માટે પુરતી સુવિધા અને સહયોગ મળી રહે તેમ કાર્યવાહી કરશો. શાળા વિકાસ સંકુલનાં કન્વીનરશ્રી અને Q.D.Cનાં કન્વીનરશ્રીઓએ પણ સંકલનમાં રહી આ કામગીરીમાં સહયોગ આપવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત.

**નકલ રવાના:-**

- તમામ શિક્ષણ નિરિક્ષક અને મદદનીશ શિક્ષણ નિરિક્ષક-સદર કચેરી, દેખરેખ રાખવા સારું.

**નકલ રવાના જાણ સારું:-**

- આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ-સુરત.